GJGN030007612026

**<u>આંક ૧ લગત હુકમ</u>**

1. અરજદારે હાલની અરજીમાં જણાવેલ ગુન્હામાં મુદામાલ વાહન મેળવવા કરેલ છે. હાલની અરજી સાથે રજુ થયેલ મુદામાલ વાહન ની ની આર.સી.બુક ની નકલ ધ્યાને લેતા હાલની અરજી માં જણાવેલ મુદામાલ વાહન હાલના અરજદાર ના નામે છે. વધુમાં હાલના કામે રજુ થયેલ પંચનામુ અને મુદામાલ પાવતી ધ્યાને લેતા હાલની અરજી માં જણાવેલ ગુનામાં મુદામાલ વાહન એ મહમદરઝી મોહમદરફીક અબ્દુલગફુર શેખ પાસેથી કબજે કરવામાં આવેલ છે અને તેઓએ હાલની અરજીમાં જણાવેલ મુદ્દામાલ વાહન હાલના અરજદાર ને આપવા સામે વાંધો નથી તેવુ પુરશીશ આપી જાહેર કરેલ છે. વધુમાં હાલના અરજદાર સિવાય અન્ય કોઇ એ હાલની અરજી માં જણાવેલ ગુના ના મુદામાલ વાહન બાબતે કલેઇમ કરેલ નથી જેથી હાલની અરજી માં જણાવેલ મુદામાલ વાહન હાલ ના અરજદાર ને વચગાળાની કસ્ટડીમાં આપવાનો હુકમ કરવો ઉચીત જણાતો હોઇ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

1. અરજદાર કુરેશી મોહંમદ ઈસ્તીયાક મોહંમદ ઇકબાલ રહે. ૨૪૩૭/૬, લોઢ વાડ, મીરજાપુર, તાલુકો જીલ્લો અમદાવાદ વાળા ની હાલ ની અરજી મંજૂર કરવામાં આવે છે.

2. દહેગામ પોલીસ સ્ટેશન ના જવાબદાર અધિકારીશ્રી એ દહેગામ ગુના રજીસ્ટર્ડ નંબર ૧૧૨૧૬૦૦૫૨૬૦૧૪૮/૨૦૨૬ પશુ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમ ની કલમ ૧૧(૧)(એ), ૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ), ૧૧(૧)(એચ), ૧૧(૧)(કે) મુજબ ના ગુન્હા ના કામે કબજે કરેલ મુદામાલ વાહન આઇ ટેન ગાડી જેનો રજીસ્ટ્રેશન નંબર જીજે ૦૧ કેજી ૦૮૨૭ છે જેને નીચેની શરતો ને આધીન અરજદારે મુદામાલ વાહન ની કિમત ના દોઢ ગણી રકમના જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા દહેગામ

પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારી સમક્ષ અરજદારે રજૂ કર્યેથી વચગાળા ની કસ્ટડી એ સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u>**

1. અરજદારે મુદ્દામાલ વાહનનો ફરી આવા ગુનામાં ઉપયોગ કરવો નહી તેમજ મુદામાલ વાહન ની ઓળખ કે સ્વરૂપ બદલાય તેવો કોઇ ફેરફાર કરવો નહી.

2. દહેગામ પોલીસના જવાબદાર અધિકારી એ મુદામાલ વાહનના ફોટોગ્રાફસ પાડી અત્રેની કોર્ટ માં ફોટોગ્રાફ સહીત ઉપરોકત હુકમમાં જણાવેલ લીધેલ જામીન ના કાગળો સહીત નો રીપોર્ટ કરવો.

ઉપરોકત હુકમ આજ સને ૨૦૨૬ ના જુન મહિના ની તારીખ ૦૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ - ૦૨/૦૬/૨૦૨૬

સ્થળ - દહેગામ.

(મિલાપ એ. કોટડીયા)
કોડ નંબર જીજે ૦૧૬૩૪
જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
દહેગામ.